ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા. ૦૧.૦૮.૨૦૧૮**

**ભાજપના જનસંઘ વખતના સ્થાપક અગ્રણીશ્રીઓ પૈકી એક અને ભાવનગરના પ્રથમ સાંસદ સ્વ. શ્રી મહાવીરસિંહ હરિસિંહ ગોહિલને શ્રદ્ધાંજલી આપતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**

---------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપ જનસંઘ વખતના સ્થાપક અગ્રણીશ્રીઓ પૈકી એક અને ભાવનગરના પ્રથમ સાંસદ સ્વ. શ્રી મહાવીરસિંહ હરિસિંહ ગોહિલના દુ:ખદ નિધન પર ખેદ વ્યકત કરી શ્રદ્ધાંજલી આપતાં જણાવ્યું હતું કે, સ્વ. મહાવીરસિંહના અવસાનથી ભારતીય જનતા પાર્ટીએ સમર્પિત જનપ્રતિનિધિ - પ્રજાસેવક અને અદના કાર્યકર્તા ગુમાવ્યા છે, તેનો રંજ છે.

સ્વર્ગસ્થશ્રીના અવસાનથી તેમના પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે.

(ડો. હર્ષદ પટેલ)
**પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૨** **તા. ૦૧.૦૮.૨૦૧૮**

# ભાજપના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ સાંસદ મહાવીરસિંહજી ગોહિલને શ્રદ્ધાંજલિ પાઠવતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ

---------------

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ભાજપના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ સાંસદ મહાવીરસિંહજી ગોહિલના આજરોજ થયેલા દુ:ખદ અવસાન અંગે ઊંડા દુ:ખની લાગણી વ્યક્ત કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે, વારસામાં મળેલા હરિસિંહભાઈના જનસંઘના સંસ્કારો અને પરગજુ સ્વભાવના મહાવીરસિંહજીએ જિલ્લા સંગઠનના પ્રમુખ અને ભાજપના સાંસદ તરીકે ભાવનગર પંથકમાં જનસેવાના કાર્યો કર્યા હતા. તેઓએ ભાવનગર જિલ્લામાં ભાજપ સંગઠનના વિસ્તાર માટે અને સામાજિક ઉત્થાનના કાર્યો કર્યા હતા.

શ્રી શાહે સદગતના આત્માને પ્રભુ ચીર શાંતિ અર્પે અને પરિવારજનોને આ ખાલીપો સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

**(ડો. હર્ષદ પટેલ)**
**પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ**